# સહકારી બેંકો દ્વારા મહિલાઓને ફક્ત ₹1000માં ટેબ્લેટ

હિમાંશુ દરજી
અમદાવાદ

રાજ્યની સહકારી બેંકો ઇન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા મહિલા સશક્તીકરણનો પ્રોજેક્ટ હાથ ધરવા જઈ રહી છે. રાજ્યની સહકારી બેંકો માત્ર ₹૧,૦૦૦ના હપતેથી મહિલાઓને ટેબ્લેટ અને મોબાઇલ આપશે. સહકારી બેંકોની સંસ્થા ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્ક ફેડરેશન (GU-CBF) આગામી દિવસોમાં મહિલાઓને ટેબ્લેટ અને મોબાઇલ આપીને વધુ ને વધુ ઓનલાઈન કામગીરી કરી શકે તેવા પ્રોજેક્ટ માટે મોબાઇલ કંપની સેમસંગ સાથે કરાર કરશે.

GUCBFએ અગાઉ તેના ખાતેદારોને સરળ હપતેથી કોમ્પ્યુટર આપતો ફ્લડ આઇટી પ્રોજેક્ટ સફળતાથી પ્રેરાઈને આ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. GU-CBFના ચેરમેન જ્યોતીન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે, "અમે આગામી સપ્તાહ સુધીમાં સેમસંગ સાથે તેના ટેબ્લેટ અને મોબાઇલ ફોન હપતેથી આપવાના પ્રોજેક્ટ અંગે કરાર કરીશું. આ કરાર બાદ આ સ્કિમ લોંચ કરવામાં આવશે. આ સ્કિમમાં અમે મહિલા સશક્તીકરણનો આશય રાખ્યો છે." આ પ્રોજેક્ટ અંતર્ગત સસ્તામાં ફોનની સાથે ગ્રાહકો-ખાતેદારોને ₹૧,૦૦૦થી ₹૧,૫૦૦ સુધીની કેટલીક વસ્તુઓ મફત આપવામાં આવશે. આમ ગ્રાહકોને સરળ હપતામાં ₹૧,૦૦૦માં ફોન, મફતમાં ગિફ્ટ મળશે. તેમને ₹દસ હજારના ફોનની સામે ૧૦થી ૧૫ ટકાની ફ્રીબીઝનો લાભ પણ મળશે. રાજ્યમાં આ પ્રોજેક્ટ હેઠળ બેથી ત્રણ લાખ મોબાઇન ફોન કે ટેબ્લેટ મહિલાઓ સુધી પહોંચે તેવી બેંક ફેડરેશનની ગણતરી છે.આ પ્રોજેક્ટ પાછળનો સહકારી બેન્કિંગ ક્ષેત્રનો આશય મહિલાઓને ઇલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ સરળતાથી ઉપલબ્ધ કરીને તેમનું સશક્તીકરણ કરવા ઉપરાંત કેશલેશ સિસ્ટમ માટે પ્રેરણા આપવાનો છે. આ અગાઉ કોમ્પ્યુટર કે લેપટોપ જેવી પ્રોડક્ટને સહકારી બેંકોનાં ખાતેદોરોને ઉપલબ્ધ કરાવતા ફ્લડ આઇટી પ્રોજેક્ટની સફળતાને પગલે સહકારી બેંકોએ બેટરી ઓપરેટેડ વ્હિકલ માટે ઓછા દરે લોન આપતો ગ્રીન પ્રોજક્ટ પણ લોંચ કર્યો હતો. ફ્લડ આઇટી પ્રોજેક્ટનો અભ્યાસ આઇઆઇએમ, અમદાવાદ દ્વારા પણ કરવામાં આવ્યો હતો. ગુજરાતના સહકારી ક્ષેત્રે થયેલા આ પ્રકારનાં પગલાંને ગુજરાત સિવાયનાં અન્ય રાજ્યોમાં પણ અમલ કરીને બેંકિંગ કામગીરીને બળ મળ્યું હોવાનું સહકારી બેંકિંગ ક્ષેત્રના આગેવાનોએ જણાવ્યું હતું.

